

ભાઈ ! જેમ સર્વજ્ઞ જાણે છે તેમ આત્મા પણ માત્ર જાણે છે. જે જે સમયે જે જે થાય તેને તે તે સમયે તે જ પ્રકારે જ્ઞાન પોતાથી જાણે છે. ત્યાં રાગથી કાર્ય થાય છે એમ રહેતું નથી અને આડું-અવળું થઈ શકે એ વાત પણ રહેતી નથી અને વ્યવહારથી નિશ્ચય થાય તે વાત પણ રહેતી નથી. —*કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૯] * **આત્મધર્મ** * [અંક-૧ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૦ જુલાઈ-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સર્વ વિકલ્પો બંધ થઈ જવાથી કોઈ એક એવો અવિનાશી ભાવ ઉત્પન્ન થાય છે કે જે આત્માનો સ્વભાવ છે. નિશ્ચયથી તે જ ભાવ મોક્ષનું કારણ છે. ૮૨૯. *(શ્રી દેવસેન આચાર્ય તત્ત્વસાર, ગાથા-૬૧)*

❀ જેમ મેઘ પોતાના પ્રયોજન વિના—ઈચ્છા વિના જ લોકોના પુણ્યોદયના નિમિત્તે, પુણ્યશાળી જીવોના દેશમાં ગમન અને ગર્જના કરીને પુષ્કળ વરસાદ વરસાવે છે, તેમ ભગવાન આપ્તનો, લોકોના પુણ્ય-નિમિત્તે પુણ્યવાન જીવોના દેશમાં, વિના ઈચ્છાએ વિહાર થાય છે અને ત્યાં ધર્મરૂપ અમૃતની વર્ષા થાય છે. ૮૩૦. *(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૮ના ભાવાર્થમાંથી)*

❀ મનમંદિર ઉજ્જડ થતાં તેમાં કોઈ પણ સંકલ્પ-વિકલ્પનો વાસ ન રહેતાં અને સમસ્ત ઈન્દ્રિયોનો વ્યાપાર નષ્ટ થઈ જતાં આત્માનો સ્વભાવ અવશ્ય પ્રગટ થાય છે અને તે સ્વભાવ પ્રગટ થતાં આ આત્મા જ પરમાત્મા બની જાય છે. ૮૩૧. *(શ્રી દેવસેન આચાર્ય, આરાધનાસાર, ગાથા-૮૪)*

❀ શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા સંપૂર્ણ શાસ્ત્રોનો જાણનારા હોવા છતાં તથા જાગતો હોવા છતાં કર્મબંધનથી છૂટતો નથી; કિન્તુ ભેદજ્ઞાની-અંતરાત્મા નિદ્રાસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં કર્મબંધનથી મુક્ત થાય છે. ૮૩૨. *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૯૪)*

❀ જિતના કુછ શરીરકા રાગ હૈ વહ આત્માકે હિતમેં અનિષ્ટ દેખા ગયા હૈ, જ્ઞાન વિજ્ઞાન જો આત્માકો ઈષ્ટ હૈ ઉનસે વિયોગ રહતા હૈ, અનિષ્ટ બાતોંમેં સ્વભાવ રંગ જાતા હૈ, અનિષ્ટકી અનુમોદનાસે દુર્ગતિકા લાભ હોતા હૈ. ૮૩૩. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૨૮)*

❀ સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુઠ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે. ૮૩૪.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત્ શ્લોક-૪૩)*

* * *

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૧
અંક-૧
[૭૨૯]

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
JULY
A.D. 2004




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# મારો પ્રભુ મારામાં જ વસે છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૧)

આ, સમયસાર નાટક છે. તેમાં બંધદ્વારમાં ૫૧મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે આત્મા જ્યારે મનના સંબંધમાં જોડાય છે ત્યારે વિકલ્પો થાય છે. છેલ્લે કહેશે કે જ્ઞાનના પ્રભાવથી તે બધાં વિકલ્પો છૂટી જાય છે.

धायौ सदा काल पै न पायौ कहूं साचौ सुख,
रूपसौं विमुख दुखकूपवास बसा है ।
धरमकौ घाती अधरमकौ संघाती महा,
कूरापाती जाकी संनिपातकीसी दसा है ॥
मायाकौं झपटि गहै कायासौं लपटि रहै,
भूल्यौ भ्रम-भीरमैं बहीरकौसौ ससा है ।
एसौ मन चंचल पताकासौ अंचल सु,
ग्यानके जगेसौं निरवाण पथ धसा है ॥૫૨॥

અર્થ :—આ મન સુખને માટે સદાય ભટકતું રહ્યું છે પણ ક્યાંયથી સાચું સુખ મળ્યું નથી. પોતાના સ્વાનુભવના સુખથી વિરૂદ્ધ થઈ દુઃખના કુવામાં પડી રહ્યો છે. ધર્મનો ઘાતક, અધર્મનો સાથી મહાઉપદ્રવી સન્નિપાતના રોગી જેવો અસાવધાન થઈ રહ્યો છે. ધનસંપત્તિ આદિનું સ્ફૂર્તિથી ગ્રહણ કરે છે અને શરીરમાં સ્નેહ કરે છે. ભ્રમજાળમાં પડ્યો થકો એવો ભૂલી રહ્યો છે જેવું શિકારીના ઘેરામાં સસલું ભટકી રહ્યું હોય. આ મન

ધજાના વસ્ત્રની જેમ ચંચળ છે, તે જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ હોવા છતાં, મનના સંબંધમાં અનેક પ્રકારની કલ્પનાજાળમાં ગુંચવાઈ ગયો છે. શરીરમાં, આબરુંમાં, ઈન્દ્રિયોમાં વિષયોમાં વગેરેમાં સુખ છે એવી કલ્પના કરીને મન તે તરફ દોડે છે પણ તેમાં તો સુખ નથી. મનના સંબંધે થતી કલ્પના આત્માના નિજસ્વરૂપથી વિમુખ છે.

કાલે એક ભાઈ કહેતાં હતાં કે ધર્મ પ્રાપ્ત કરવા માટે પહેલાં ગુરુ જોઈએ ને! ગુરુ વિના જ્ઞાન ન થાય..... તેને કીધું કે ગુરુ હોય છે પણ ગુરુથી જ્ઞાન થતું નથી.

મનનો ધર્મ જ એવો છે કે તે વિકલ્પ જ ઉભો કરે. ભલે દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી વિકલ્પ હો કે સ્ત્રી, પુત્ર, ધંધાદિનો વિકલ્પ હો પણ મનના સંબંધે વિકલ્પ જ ઉત્પન્ન થાય છે અને તેનાથી બંધ થાય છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ માને છે તેથી કાંઈ સુખ થતું નથી. કેવળ બંધ થાય છે.

શુભ અને અશુભ સંકલ્પ, વિકલ્પ છે તે દુઃખના કૂવા છે. ભગવાનની ભક્તિ કરીએ અને કલ્યાણ ન થાય એ વાત માનવી લોકોને બહુ આકરી લાગે છે. પણ તારો ગુરુ તો તું જ છો. તારું સ્વરૂપ સમજ અને પોતાને સમજાવ તો તારું કલ્યાણ થાય. 'હું તો એક જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુ છું, પરના સંબંધથી રહિત છું' એવું પોતે પોતાને સમજાવે નહિ ત્યાં સુધી ગુરુએ કહેલી વાત તેની શ્રદ્ધામાં બેસતી નથી.

મનના સંબંધે જેટલી પર તરફની લાગણી થાય છે તે ધરમનો ઘાત કરનારી છે. અશુભ લાગણીથી તો ધરમનો ઘાત થાય છે પણ શુભ લાગણી તે ભલે દેવ-ગુરુની ભક્તિ સંબંધી હોય તે પણ ધર્મનો ઘાત કરનાર છે, બંધ કરનાર છે. બંધ અધિકાર છે ને! મનનો સંબંધ થાય એટલે પર તરફ જ લક્ષ જાય અને તેથી અધર્મ થાય, ધર્મ ન થાય. મનને અધર્મનો સંગાથ છે. માટે મનનો સંબંધ છોડીને જ્ઞાનાનંદસ્વરૂપનો સંબંધ કરે તો ધર્મ થાય. અંતરમુખ થઈને, સ્વભાવને અનુસરીને પરિણામ કરવા તે ધર્મ છે.

ભગવાન આત્માનો સંગ છોડીને, મનનો સંગ કરવો તે ઉપદ્રવ થવાનું કારણ છે, ચૈતન્યની શાંતિને બાળનારા તે ભાવ છે. પરદ્રવ્યની દયાના ભાવ કે પરદ્રવ્યની ભક્તિના ભાવ સ્વદ્રવ્યને ઉપદ્રવ કરનારાં છે. પર તરફના ભાવમાં લીન રહે છે તેની દશાં સન્નિપાતના રોગી જેવી છે.

શ્રોતા :—મંદિર માટે પૈસા ખર્ચે અને તેને આપ આવું કહો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રૂપિયા ખર્ચે છે તે રૂપિયા ક્યાં એના છે! એ તો જડના

છે. મેં રૂપિયા દાનમાં આપ્યાં એવો જે વિકલ્પ ઉઠે છે તે સ્વરૂપમાં ઉપદ્રવ કરનાર છે. વીતરાગમાર્ગ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, કાંઈ રાગથી વીતરાગમાર્ગની ઉત્પત્તિ થતી નથી.

ચૈતન્યસ્વરૂપ આત્મા મન અને મનના વિકલ્પથી તદ્દન ભિન્ન સ્વરૂપે છે. એવા સ્વરૂપનો સ્વીકાર અને દૃષ્ટિ ન કરતાં, મનના વલણવાળા ભાવનો સ્વીકાર કરવો એ ઉપદ્રવ છે. તેથી ધર્મીને અશુભભાવ તો ઉપદ્રવ લાગે છે પણ શુભભાવ પણ ઉપદ્રવ લાગે છે. બંને ભાવ બંધના કારણ છે એમ ધર્મી જાણે છે.

ધર્મી તો પોતાની ધર્મદશાથી આત્માને ગ્રહે છે જ્યારે મનના વિકલ્પ તો માયાને ઝપટથી ગ્રહે છે मायाको झपटि गहै એટલે મને આ ઠીક છે... આ ઠીક છે એમ પરમાં ઠીકપણાની કલ્પના કરે છે. ભગવાન આત્મા મનથી અને વિકલ્પથી ભિન્ન છે તેની મહાસત્તાનો સ્વીકાર ન કરતાં, પરના સંબંધવાળા વિકલ્પનો જ સ્વીકાર કરે છે તેણે માયાને ઝપટ મારી છે. અને શરીરમાં તો એ એકાકાર થઈને રહે છે જાણે 'શરીર તે જ હું' આ શરીરના કામ હું કરું છું. પણ શરીર તો જડ છે મારાથી ભિન્ન તત્વ છે એમ માનતો નથી.

સવારે એક મોટી ગાય જતી જોઈને થયું કે આ ગાયને કાંઈ પર્યાયના અંશની ખબર નથી. તેને તો આ ખાવાનું મળે અને લઠ્ઠ જેવું શરીર છે તે જ હું એવું વેદન છે. તેને બીજી કાંઈ ખબર નથી પરંતુ અંશમાં અટકવાનું તો તેને થાય છે કે જે જીવ જ્ઞાનમાં આગળ વધીને અંશને પકડીને તેમાં જ અટકી જાય છે. મનના સંબંધે બંધ જ થાય છે અને તેનો સંબંધ છોડે તો—અબંધદશા પ્રગટ થાય છે.

અજ્ઞાનદશામાં રૂપાળા શરીર આદિ સંયોગમાં જ પોતાનું સર્વસ્વ છે એમ જીવ માની લે છે તેને મન સાથે સંબંધ છે, એ મન તેને બહાર જ લઈ જાય છે. મન સ્વમાં સંબંધ કરાવતું નથી.

भूल्यो भ्रम-भीरमें..... ભીર એટલે જાળ. ભ્રમણાની જાળમાં ભૂલો પડી ગયો છે. જેમ શિકારીના ઘેરામાં સસલું આમથી તેમ ભાગે છે તેમ અજ્ઞાનદશામાં જીવ ભ્રમણાથી આમ કરું તો મને કીર્તિ મળે, આમ કરું તો મને ધન મળે, આમ કરું તો મારું ભલું થાય એમ ભ્રમણાથી ભટક્યાં કરે છે. ધન કમાઉં, મોટો ગણાવું, ધન ખર્ચુ તે જાહેર થાય... એમ મનને આમથી તેમ દોડાવીને ખુશી થાય છે.

एसो मन चंचल पताकासौ अंचल..... ધજાનો પતલો છેડો પવન અનુસાર ફર

ફર ફર્યા જ કરે છે તેમ મન પણ ઉદય અનુસાર ફર્યા જ કરે છે. સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ વિના મનના સંબંધમાં પરિણામ ચંચળ થયા કરે છે.

ग्यानके जगेसौं निरवाण पथ घसा है..... મારો ધર્મ અને મારું સુખ મારામાં છે માટે મારામાંથી જ ધર્મ અને સુખ આવે. શુભાશુભભાવમાંથી મારો ધર્મ કે સુખ ન આવે..... એવું સ્વરૂપનું જ્ઞાન થતાં જીવની ગતિ નિર્વાણ તરફ થાય છે. સંસાર તરફની ગતિ હતી તેના બદલે અરે ! હું તો આત્મા છું ! શરીર અને કર્મ તો હું નહિ પણ મનના વિકલ્પ એ પણ હું નહિ એવું મારું વાસ્તવિક સ્વરૂપ છે એમ જ્યાં અંતરજ્ઞાન થાય ત્યાં તેની ગતિની દિશા નિર્વાણ એટલે મોક્ષ તરફ થઈ જાય છે. હવે તેની દોડ રાગથી છૂટવા તરફ છે. આમ, જ્ઞાનનો ઉદય થવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે.

આ બંધદ્વાર છે ને ! મનના સંબંધે જે કાંઈ સંકલ્પ, વિકલ્પ ઉત્પન્ન થાય છે તે બંધના કારણ છે, મનની ચંચળતા છે. પણ હું તો તેનાથી રહિત જ્ઞાન ને આનંદપણે શાશ્વત વસ્તુ છું એવું અંતરમાં જ્ઞાન થતાં તેની ગતિ રાગથી છૂટવા તરફ થવા લાગે છે. ક્રિયાકાંડનો ભાવ છૂટીને જ્ઞાનકાંડ શરૂ થઈ જાય છે.

શરીર અને કર્મ તો અજીવતત્ત્વ છે અને શુભાશુભ સંકલ્પ, વિકલ્પ આસ્રવતત્ત્વ છે તેનાથી જુદો હું જ્ઞાનાનંદમય ચૈતન્યતત્ત્વ છું એવી દૃષ્ટિ થતાં ધર્મીની ગતિ મોક્ષ તરફ થઈ જાય છે. હવે 'બાવન'માં પદ્યમાં મનની સ્થિરતાનો પ્રયત્ન બતાવે છે.

जो मन विषै-कषायमैं, बरतै चंचल सोइ ।
जो मन ध्यान विचारसौं, रुकै सु अविचल होई ॥५२॥

અર્થ :—જે મન વિષય-કષાય આદિમાં વર્તે છે તે ચંચળ રહે છે અને જે આત્મસ્વરૂપના ચિંતવનમાં લાગ્યું રહે છે તે સ્થિર થઈ જાય છે.

અનેક પ્રકારના વિષય અને કષાયમાં મન ચંચળ રહે છે. તે જ મનને જો સ્વરૂપના જ્ઞાનમાં અને સ્વરૂપના ધ્યાનમાં લગાવો તો મન સ્થિર થઈ જાય છે એટલે મનનો વિકલ્પ ત્યાં હોતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. એમ એણે પેલા જાણીને પ્રતિત કરવી પડશે, પછી તેને અનુભવમાં લે ત્યારે ધર્મ થાય.

અજ્ઞાનદશામાં ભગવાનની ભક્તિ ઉછળી ઉછળીને કરતો હોય, હાથમાં કરતાલ લઈને કરતો હોય તો પણ શું ! તેનાથી ધર્મ થતો નથી. વળી તેને મનમાં એમ થતું હોય કે હું કેટલાં રસથી ભક્તિ કરું છું તે બીજા લોકો જુએ તો ખરાં ! એવા ભાવથી પોતે જ પોતાને છેતરીને સુખી થાય છે.

વળી વિશેષ ૫૩ મા પદ્યમાં કહે છે કે

तातैं विषै-कषायसौं, फेरि सु मनकी बांनि ।
सुद्धातम अनुभौ विषै, कीजै अविचल आनि ॥५३॥

અર્થ :—માટે, મનની પ્રવૃત્તિ વિષય-કષાયથી ખસેડીને તેને શુદ્ધ આત્માનુભવ તરફ લાવો અને સ્થિર કરો.

જ્ઞાન-આનંદ એવો જે આત્માનો અવિનાશી-નિત્ય સ્વભાવ છે તેનો અનુભવ કરીને તેમાં સ્થિર થાઓ. તેનું નામ અબંધપરિણામ અને મોક્ષનો માર્ગ છે.

શ્રોતા :—અમે સાધારણ પ્રાણી આવી શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા ન કરી શકીએ તો બીજો કોઈ માર્ગ ખરો? ભગવાનની ભક્તિ કરતાં કરતાં આગળ વધાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રુભાઈ! રાગ કરતાં કરતાં આગળ વધાય કે રાગને છોડતાં આગળ વધાય! લોકોને સાંભળવા મળ્યું ન હોય એટલે ઘા લાગે કે આ તો બધું ઉથાપી નાંખે છે.

ભલે શુભરાગ હો તે પણ બંધનું જ કારણ છે. મોક્ષમાર્ગમાં તેની કાંઈ મદદ નથી. જ્ઞાનીને પણ શુભભાવ હોય છે પણ તે સમજે છે કે મારાં સ્વભાવની શાંતિને આ ભાવ મદદગાર નથી, બંધનું જ કારણ છે.

આ શાસ્ત્રમાં પણ જુઓ ને! શુભરાગને બંધ કારણ કહ્યું છે ને! આ શાસ્ત્ર ક્યાં સોનગઢનું છે! તેના અક્ષરે અક્ષર મેળવી લ્યો! સોનુ તો ઢેઢના ઘરનું હોય કે શાહુકારના ઘરનું હોય, સોનાની જાતમાં કાંઈ ફેર ન હોય.

પરમાત્મા કહે છે કે પુણ્ય-પાપના વિકલ્પની જાતને છોડી દે અને અંતરમાં આવ! એ ન થાય ત્યાં સુધી પ્રથમ નક્કી તો કર કે વિકલ્પમાત્ર છોડવા જેવા છે અને અંતરમાં જવા જેવું છે. અંતરમાં આરૂઢ થયા વિના સુખ અને શાંતિ પ્રગટ થાય તેમ નથી. દુનિયા તને સુખ આપી નહિ દે. મરવા ટાઈમે બધું મૂકીને ચાલ્યું જવું પડશે. શરીરના રજકણે રજકણ અહીં પડ્યાં રહેશે. બાયડી-છોકરાં રોતા રહી જશે.

એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ નોતો રે!

સગી રે નારી તારી કામિની, ઊભી ધ્રુસકે ધ્રુસકે રુએ રે.....

એક દિવસ એવો આવશે, જરૂર આવશે જ! એમાં ફેર નહિ પડે. રોગ હોય તેને જ મરણ આવશે એવું નથી. નીરોગ લઠ્ઠ જેવું શરીર હોય અને ક્ષણમાં ફેરફાર થઈ જાય. આપણે નજરે જોયુ ને! શીવા પટેલ સમિતિમાં જમીને આવ્યા અને શ્વાસ ચડ્યો,

મેં કીધું શું થયું પટેલ ! તો કહે, અંતક્રિયા ! નાભિમાંથી શ્વાસ છૂટી ગયો છે. ૩૬ કલાકે દેહ છોડી દીધો. ઈંજેકશન આપ્યું પણ શું કામનું? દેહ અવશ્ય દરેકને છૂટશે જ. દેહ તો છૂટી જ ચીજ છે. તે કાંઈ તારામાં આવ્યો નથી અને તારો થયો નથી. એકક્ષેત્રમાં સાથે રહ્યું છે તે છૂટે ત્યારે એમ થઈ જાય કે આપણે મરી ગયા! પણ તું ક્યાં મર્યો છે? તારાં ભેગા કરલાં સ્ત્રી, પુત્રાદિ રોતા રહી જશે અને કાઢો કાઢો સૌ કહેશે.

ઉંચા રે મંદિર ઉંચા માળિયા, સોડ તાણીને સૂતો,

કાઢો રે કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો નો'તો રે...

સજ્જાયમાળામાં આ ગીત આવે છે. અમે તો દુકાન ઉપર બેઠા બેઠાં નવરાં થઈએ એટલે વાંચીએ. શ્વેતાંબરમાં ચાર સજ્જાયમાળા આવે છે. તે ચારેય દુકાનમાં બેઠાં બેઠાં ૬૬, ૬૭ ની સાલમાં વાંચી છે.

એક રજકણ પણ તારો નથી ભાઈ ! અરે, રાગનો કણ પણ તારો નથી. તારો હોય તો તે કેમ છૂટો પડે ! રાગરહિત ચીજને અંતરથી જોતાં જે જ્ઞાન જાગ્યું તેને પરથી ખસીને સ્વરૂપમાં સ્થિર કર ! એ જ મોક્ષનો ઉપાય અને ધર્મ છે.

अलख अमूरति अरूपी अविनासी अज,
निराधार निगम निरंजन निरंध है ।
नानारूप भेस धरै भेसकौ न लेस धरै,
चेतन प्रदेस धरै चेतनकौ खंध है ॥
मोह धरै मोहीसौ विराजै तोमैं तोहीसौं,
न तोहीसौं न मोहीसौ न रागी निरबंध है ।
एसौ चिदानंद याही घटमें निकट तेरे,
ताहि तू विचारु मन और सव धंध है ॥५४॥

અર્થ :—આ આત્મા અલખ, અમૂર્તિક, અરૂપી, નિત્ય, અજન્મ, નિજાધાર, જ્ઞાની, નિર્વિકાર અને અખંડ છે. અનેક શરીર ધારણ કરે છે પણ તે શરીરોના કોઈ અંશરૂપ થઈ જતો નથી. ચેતન પ્રદેશોને ધારણ કરેલ ચૈતન્યનો પિંડ જ છે. જ્યારે આત્મા શરીર આદિ પ્રત્યે મોહ કરે છે ત્યારે મોહી થઈ જાય છે અને જ્યારે અન્ય વસ્તુઓમાં રાગ કરે છે ત્યારે તે રૂપ થઈ જાય છે. વાસ્તવમાં ન શરીરરૂપ છે અને ન અન્યવસ્તુઓ રૂપ છે, તે સર્વથા વીતરાગ અને કર્મબંધથી રહિત છે. હે મન ! આવો ચિદાનંદ આ જ શરીરમાં તારી પાસે છે તેનો તું વિચાર કર, તે સિવાયની બીજી બધી જંજાળ છે.

આત્મા કેવો છે ?—કે અલખ છે. अलख એટલે ઈન્દ્રિયોથી કહ્યો જાય તેવો નથી. પુણ્યના પરિણામ અને ઈન્દ્રિયોથી આત્મા જણાય તેવો નથી માટે આત્મા અલખ છે. શ્રીમદ્દે પણ 'અલખ દેદાર દેખ્યા...' એવી કડી લખી છે. આત્મા ઈન્દ્રિયોથી કે રાગથી કે વ્યવહારથી જાણ્યો જાય એવો નથી. એ તો એના જ—આત્માના જ નિર્મળઅંશ દ્વારા જણાય એવો છે.

તત્વજ્ઞાનતરંગિણીમાં દાખલો આપ્યો છે કે લાકડી વડે શરીરનો સ્પર્શ કરો તો શરીર ઠંડુ છે કે ગરમ તે નહિ જણાય કેમ કે લાકડી જુદી વસ્તુ છે. તેમ જ વધેલાં નખથી પણ શરીરની ઠંડી-ગરમ અવસ્થા જણાતી નથી. પણ હાથ અડાડો તો તરત જણાશે કેમ કે તે તેનો અવયવ છે. તેમ, આત્માને જાણવા માટે શરીર, વાણી તો લાકડી જેવા જુદા છે, શુભાશુભ વિકલ્પો વધેલા નખ જેવા છે તેનાથી પણ આત્મા નહિ જણાય. આત્મા એક પોતાના રાગ વિનાના જ્ઞાનના અંશ વડે જણાશે કેમ કે એ તેનો અવયવ છે.

સોનગઢે આ નવો ધર્મ કાઢ્યો છે એમ સંપ્રદાયવાળાને લાગે છે પણ સોનગઢે કાંઈ નવું કાઢ્યું નથી. આ તો અનાદિનો ધર્મ છે. વીતરાગનો અનાદિનો આ માર્ગ છે, નવો નથી ભગવાન ! બિલાડીના બચ્ચાંને આંખ ખૂલે ત્યારે દુનિયા દેખાય છે કે અરે આ જગત છે ! પણ જગત તો પેલા પણ હતું. તેમ, આત્માનો સ્વભાવ તો અનાદિનો છે. તને જણાય ત્યારે તને ખ્યાલમાં આવે પણ આત્મા તો અલખ અનાદિનો છે.

અમૂર્તિક એટલે આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી એવો અમૂર્તિક છે. અલખ તો પરમાણુને પણ કહેવાય કેમ કે પરમાણુ પણ ઈન્દ્રિય કે રાગનો વિષય નથી. પણ પરમાણુ અમૂર્તિક નથી, મૂર્તિક છે અને આત્મા અમૂર્તિક છે. જ્યાં સુધી જીવને કર્મ સાથે સંબંધ છે ત્યાં સુધી જીવને મૂર્ત કહેવાય છે પણ જીવ પોતે મૂર્તિક નથી. અરૂપી ચીજ છે તેને રૂપ કેવા ! અરૂપીને રૂપ નહિ હોવા છતાં તે વસ્તુ છે. રૂપ નથી માટે વસ્તુ જ નથી એમ નથી. ચૈતન્યઘન—આનંદઘન આત્મા અવિનાશી વસ્તુ છે તેની દૃષ્ટિ કર, તેનું જ્ઞાન કર અને તેમાં રમણ કર ! એ કરવાનું છે.

अज..... આત્માને જન્મ નથી માટે તે અજન્મ છે. અનાદિઅનંત વસ્તુને જન્મ કેવો ! આત્મામાં પર્યાય થાય તેને ઉત્પાદ અથવા જન્મ કહો તો કહો પણ વસ્તુને જન્મ ન હોય, વસ્તુ તો ત્રિકાળ છે. સમંતભદ્રસ્વામી કહે છે ને ! પ્રભુ એક સમયમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૂવ ત્રણેયને જાણે છે માટે સર્વજ્ઞ છે. સર્વજ્ઞ સિવાય એક સમયમાં ત્રણને કોઈ જાણી ન શકે. સમય એટલે કેવડો ? કે 'ક' બોલો એમાં તો અસંખ્ય સમય ચાલ્યા જાય. એવાં સૂક્ષ્મ સમયમાં ભગવાન ઉત્પાદ-વ્યય-ધ્રૂવને જાણી લે છે, એ સર્વજ્ઞનું

લક્ષણ છે. પૂર્ણજ્ઞાન આવા સર્વજ્ઞ સિવાય ન હોય શકે, એમ વિશ્વાસમાં આવવું જોઈએ. આમને આમ ભગવાનને માને તેણે ભગવાનને ઓળખ્યા નથી. ભગવાનનું સ્વરૂપ પોતાના ભાવભાસનમાં આવવું જોઈએ.

निराधार..... આત્માને કોઈનો આધાર નથી માટે આત્મા નિરાધાર છે. અનાદિ-અનંત વસ્તુ નિરાલંબી છે. આત્મા શરીર કે કર્મના આધારે પણ રહ્યો નથી. આત્મા જ્યાં જ્યાં છે ત્યાં નિરાધાર અને નિજાધાર રહ્યો છે. એટલે કે પરના આધાર વિના, પોતાના આધારે રહ્યો છે. દરેક આત્માની જાત જ એવી છે કે તે પોતાના આધારે જ રહે છે.

આત્મા निगम એટલે કે જ્ઞાની—જ્ઞાનસ્વરૂપ છે. અગમ–નિગમની વાત કહેવાય છે ને! તેમાં અગમ એટલે ઈન્દ્રિયોથી ગમ્ય ન થાય તેવો અને નિગમ એટલે જ્ઞાનસ્વરૂપી છે, એવા આત્માની વાત કહેવાય છે. આત્મા निरंजन એટલે કે નિર્વિકાર છે. આત્માને રાગ-દ્વેષનો મેલ નથી. આવો આત્મા આ દેહઘટમાં બિરાજમાન પ્રભુ તું પોતે છો! પણ તને તારી ખબર નથી અને દુનિયાની ખબર લેવા નીકળ્યો છો. 'ઘરના છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો' એના જેવી તારી દશા થઈ રહી છે. દુનિયાની વાતો કરવા બેસે તો ખૂટે નહિ એટલી વાત કરે, જાણે ડાહીનો દીકરો પોતે જ હોય.

निर्द्वंद નામ આત્મા અખંડ એક છે, બેપણે નથી. પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આગળ ૪૫મા શ્લોકમાં આવી ગયું કે અરે જગવાસી પ્રાણી! તારે આ જગત સાથે કાંઈ સંબંધ નથી. લોકો ભલે વાતો કરે કે 'સો હાથીવાળાને પણ ક્યારેક એક હાથીવાળાની જરૂર પડે છે', 'એકલો માણસ શોભતો નથી'... વગેરે... પણ અહીં તો કહે છે કે 'આત્મા એકલો જ શોભે છે'. સ્ત્રી, પુત્ર, પરિવારાદિથી તેની શોભા નથી. આત્માને પરની સાથે કાંઈ સંબંધ નથી. આત્માનું રાજ આત્મામાં છે, બહારમાં નથી. આત્મા અનેક શરીરના વેષ ધારણ કરતો હોવા છતાં કોઈ શરીરરૂપ થઈ જતો નથી. ચૈતન્યપ્રદેશમાં જ સદાય વસનારો આત્મા અન્ય કોઈ મકાનમાં વસતો નથી. શરીર, વાણી, મનમાં પણ વસતો નથી અને રાષ-દ્વેષમાં પણ આત્મા વસતો નથી. ચૈતન્યપિંડઆત્મા પોતાની ચેતનામાં વસે છે અર્થાત્ પોતાના અસંખ્યપ્રદેશમાં વસે છે. અન્યમતી આત્માને પ્રદેશ માનતા નથી, એ તો સર્વવ્યાપક અથવા બીજીરીતે માને છે. તેનો નિષેધ કરવા અહીં આત્માને અસંખ્યપ્રદેશી સિદ્ધ કર્યો છે. चेतननो खंध એટલે ચેતનનો પિંડ છે. પરમાણુ બેથી અધિક ભેગા થઈને સ્કંધ થાય એવો આત્મા સ્કંધ નથી.

આત્મા ભલે અરૂપી હો પણ પદાર્થ છે ને! અસ્તિ છે ને! અવિનાશી વસ્તુ

છે! તે જ્યારે શરીરાદિમાં મોહ કરે છે ત્યારે મોહી થઈ જાય છે અને પરમાં રાગ કરે ત્યારે રાગી થઈ જાય છે. મોહને લઈને એ એવું માને છે કે હું રાગી, દ્વેષી અને મોહી છું પણ આત્મા એવા સ્વરૂપે નથી.

न तोहीसौं न मोहीसौ न रागी निरबंध है ।

વસ્તુ પોતે વીતરાગ સ્વરૂપ છે. વીતરાગ સ્વરૂપ ન હોય તો વીતરાગીપર્યાય ક્યાંથી આવે? આત્મા નિર્ગ્રંથસ્વરૂપ છે, કર્મના બંધ વિનાની વસ્તુ છે. તારું સ્વરૂપ તારાથી એક સમય પણ દૂર નથી, તું પોતે છો. અતીન્દ્રિય આનંદની પ્રભુતાનો પિંડ તું પોતે જ છો. ताहि तू विचारू मन.... અરે મન! તું આ વસ્તુનું ધ્યાન કર ને! બીજી બધી જંજાળ છોડી દે. *(ક્રમશઃ)*

તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું..કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

શ્રોતા :—પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

પૂજ્ય ગુરુદેવ :—પરોક્ષ જ્ઞાન–મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

શ્રોતા :—કોણ જાણે છે? ઊણું જ્ઞાન ને?

પૂજ્ય ગુરુદેવ :—જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે. જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨મી ગાથાનો શબ્દ છે તે ગજબ વાત છે.

*　　*　　*

# જ્ઞાન તેને કહેવાય જેનાથી આકુળતા મટે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૬મી ગાથા ચાલે છે તેમાં યોગીન્દ્રદેવ કહે છે કે શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં જો નિરાકુલતા ન થાય અને આકુળતાના ઉત્પાદક, આત્મિક સુખના વૈરી એવા રાગાદિક વૃદ્ધિને પ્રાપ્ત થાય તો તે જ્ઞાન શું કામનું? જ્ઞાન તો તેને કહેવાય કે જેનાથી આકુળતા મટી જાય.

આત્મા એક શાંત અને આનંદસ્વરૂપ વસ્તુ છે માટે આત્માનું જ્ઞાન કરતાં આત્મામાં જેવી શાંતિ અને આનંદ છે તેવી શાંતિ અને આનંદ જ્ઞાનમાં આવવા જોઈએ. જો આનંદ અને શાંતિ ન આવે અને ઉલટો વિકાર અને આકુળતા વધે, દુઃખ વધે તો એ જ્ઞાન શેનું? જેમાં જ્ઞાન અને આનંદ નથી તેનું જ્ઞાન કર્યે શાંતિ અને આનંદ ન આવે માટે તેને જ્ઞાન ન કહેવાય.

શાસ્ત્રના ભણતર કરી લીધા કે બીજાને સમજાવતા આવડી ગયું તે જ્ઞાન નથી. જે માણસને જે વિષય સંબંધીનું જ્ઞાન હોય તેમાં એ નિઃશંક હોય છે કે આ વિષયની મને બરાબર ખબર છે. તેમ આત્માના અસ્તિત્વ સંબંધીનું જેને જ્ઞાન હોય તેને નિઃશંકપણે તેમાં વિશ્વાસ અને શાંતિ આવે. એ શાંતિ બીજાને ન બતાવી શકાય. પોતાના વેદનનો જે વિષય છે તે બીજાના વેદનમાં આવી શકતો નથી પણ પોતાને તે બરાબર ખ્યાલમાં આવે છે.

શાસ્ત્રનું જ્ઞાન કે રાગની મંદતાની ક્રિયા તેમાં શાંતિ નથી માટે તેના જ્ઞાનમાં શાંતિ થતી નથી. જેમ, તમે જે ધંધો કરતાં હો તે ધંધાના વિષયમાં તમે નિઃશંક હો છો ને! જેટલી નિઃશંકતા હોય છે એટલી નિર્ભયતા હોય છે, ગભરાટ નથી થતો. તેમ ભગવાન આત્માનું જ્ઞાન કરનાર તેના વિષયમાં નિઃશંક હોય અને આત્મામાં જેવી શાંતિ અને આનંદ છે તેવું તેનું વેદન પણ તેને આવે છે. જો વેદન નથી આવતું તો તે નિઃશંક થઈ શકતો નથી. માટે તે જ્ઞાન પણ ખરેખર આત્માનું જ્ઞાન નથી.

તમને નોવેલોનું જ્ઞાન હતું તો તેનો તમને બરાબર ખ્યાલ હતો કે નહિ?—હતો. તો તે તમે બતાવી શકો? હાથમાં લઈને બતાવી ન શકો પણ ભાવમાં કેટલી નિઃશંકતા હોય કે હું આમાં નિપુણ છું. તેમ ભગવાન આત્માનું જ્ઞાન થાય તેને આત્માના વિષયમાં નિઃશંકતા અને શાંતિનું વેદન હોય. આમ હશે કે આમ હશે! એવી શંકા ન હોય.

શાસ્ત્ર ભણે, નવ પૂર્વ ભણી જાય પણ આત્માના વિષયમાં નિઃશંકતા અને શાંતિનું વેદન ન હોય તો એ આત્માનું જ્ઞાન જ નથી. જે જ્ઞાનથી આકુળતા ન મટે, દુઃખ વધે એ જ્ઞાનને જ્ઞાન કેમ કહેવાય ? સમજાય છે કે નહિ આમાં ? આત્માના જ્ઞાનમાં સાથે શાંતિ અને આનંદ હોય જ. શાંતિ ચારિત્રગુણની પર્યાય છે અને આનંદ સુખ ગુણની પર્યાય છે, તે જ્ઞાનની સાથે હોય જ છે માટે આત્માનું જ્ઞાન શાંતિ અને આનંદમય જ હોઈ શકે, આકુળતામય હોય તે જ્ઞાન નથી.

બીજાનાં આત્મામાં જ્ઞાન, આનંદ, શાંતિ બધું છે પણ તેનું જ્ઞાન કરતાં આ આત્માને જ્ઞાન, આનંદ, શાંતિ આદિ થતાં નથી. પોતાના આત્માનું જ્ઞાન જ પોતાને સુખદાયક છે. પાઠમાં એ જ કહ્યું છે કે तं णिय-णाणु जि होइ ण जेण पवड्डइ राउ । જ્ઞાન જ તેને કહીએ કે જેનાથી રાગાદિ વધે નહિ અને નિરાકુળતા થાય.

સમયસારમાં પ્રથમ કળશમાં જ કહ્યું છે કે પરને જાણવાથી જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અજીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળમાં જ્ઞાન નથી અને સુખ પણ નથી તેથી તેનું સ્વરૂપ જાણવાવાળા જીવને પણ જ્ઞાન અને સુખ થતું નથી. શુદ્ધજીવમાં જ્ઞાન અને સુખ છે, તેને જાણવાવાળા જીવને પણ સુખ અને જ્ઞાનનું વેદન થાય છે. બહુ સરસ—મર્મની વાત ત્યાં મૂકી છે. આ મર્મ સમજ્યાં વિના વાતો કરે તેના વેદનમાં શાંતિ અને આનંદ નથી. માટે જે જ્ઞાન આકુળતાને વધારે છે તે આત્માનું જ્ઞાન જ નથી. કેમ કે આત્મામાં આકુળતા નથી, આત્મામાં અનાકુળતા અને શાંતિ છે માટે તેને જાણનારના વેદનમાં શાંતિ આવવી જોઈએ. ભલે બીજું જાણપણું ઓછું હોય, બોલવાની, બીજાને સમજવવાની શક્તિ ભલે ન હોયં પણ આત્માનું જ્ઞાન હોય તો તેને ક્રમે ક્રમે અનાકુળતા અને શાંતિની વૃદ્ધિ થવી જોઈએ તો જ તેને આત્માનું જ્ઞાન કહેવાય. ન્યાયથી નક્કી થાય તેવી વાત છે.

આત્માના જ્ઞાન વિનાના એકલાં પરના જ્ઞાનમાં આકુળતા, ચિંતા અને ભય આદિ જ હોય છે. દુનિયાની ચતુરાઈ હોય એટલે ન્યાયથી વિરૂદ્ધ કાર્ય પણ કરી નાંખે, પણ અંદરમાં ભય કેટલો હોય! નાનપણમાં અમારા ભાગીદાર ભાઈઓએ બે ટીકીટમાં વધારે પડતો માલ મુંબઈથી પાલેજ જવા માટે ટ્રેઈનમાં ભરી લીધો હતો અને એમાં પોતાની હોશિયારી માનતાં હતાં પણ તેમાં એકલી આકુળતા અને ચિંતા હોય, શાંતિ ન હોય તે જ્ઞાનને જ્ઞાન કોણ કહે! જ્ઞાનીને આવા ખોટા પરિણામ તો ન હોય પણ વિષયમાં વર્તન તો જ્ઞાનીને પણ હોય છે પણ તેનો આદર બિલકૂલ હોતો નથી.

પ્રશ્ન થાય કે જ્ઞાનીને વિષયાદિ વર્તનનો આદર નથી અને અજ્ઞાનીને આદર છે

એ કેમ જાણ્યું ? વર્તન તો બંને કરી રહ્યાં હોય છતાં તેનો ભેદ જાણનારો જાણી લે છે. બીજાનો ભાવ પોતાના જાણવામાં આવી જાય પણ તે બીજાને બતાવી ન શકાય. બીજો પોતે ખ્યાલમાં લે તો તેને ખ્યાલમાં આવી જાય પણ ખ્યાલમાં ન લે તો કોઈ કોઈને બતાવી ન શકે. જ્ઞાની હોય તો બીજા જ્ઞાનીની દશાને કળી લે કે અહો ! આનું વેદન ફરી ગયું છે. ભલે તેનું વેદન ન થાય પણ આને સ્વસંવેદન છે એવું પોતાને જ્ઞાન થાય છે.

અહીં તો એ કહે છે કે જેને આત્મજ્ઞાન છે તેને આકુળતા અને રાગની વૃદ્ધિ ન હોઈ શકે. આસક્તિ હોય એ જુદી વાત છે. તે ગૌણ છે કેમ કે એ આસક્તિમાં જ્ઞાનીને રસ હોતો નથી. સમકિતી ધ્યાનમાં હોય ત્યારે પણ અનંતાનુબંધી સિવાયના ત્રણ કષાયોની આસક્તિ તો ધ્યાનકાળે પણ પડી છે પણ તેથી કાંઈ તેની આકુળતામાં એકતા છે કે અનાકુળસ્વભાવની એકતા તૂટી ગઈ છે—એમ નથી.

જ્ઞાન તો તે છે કે જેનાથી આકુળતા મટી જાય.

ચકલાં બેઠાં હોય તો પણ પાંખ હલાવ્યાં કરતાં હોય, એ સ્થૂળપણે તેની અંદરની આકુળતાને જાહેર કરે છે. તેમ જે કોઈને પર તરફના શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા છે તેને તો એકલી આકુળતા જ છે ભાઈ ! કેમ કે તેને પોતાના શ્રદ્ધા જ્ઞાન નથી. તે ભલે બહારથી નગ્ન મુનિપણું લઈને બેઠો હોય તો પણ આકુળતા જ છે.

માટે, આ નિશ્ચય થયો કે બાહ્ય પદાર્થોના જ્ઞાનના ફળમાં મોક્ષ નહિ હોવાથી તે જ્ઞાન કાર્યકારી નથી. ગાથાનો સાર આ કાઢ્યો છે કે બાહ્યપદાર્થોના જ્ઞાનમાં આકુળતાનો અભાવ નહિ હોવાથી તે જ્ઞાન કાંઈ કાર્યકારી નથી. ભલે અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તો પણ તે બાહ્યપદાર્થનું જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી.

હવે, ૭૭ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે જ્ઞાનીજીવોએ નિજ શુદ્ધાત્મભાવ વિના અન્ય કાંઈ પણ આદર કરવાયોગ્ય નથી.

अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुंदरु वत्थु ।
तेण ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु ॥७७॥

અર્થ :—આત્મા સિવાય અન્ય કોઈ વસ્તુ સારી સુંદર નથી. માટે પરમાર્થને જાણવાવાળા જ્ઞાનીઓનું મન વિષયોમાં રમતું નથી.

જ્ઞાનીઓને આત્મા સિવાય કોઈ વસ્તુ સારી લાગતી નથી. જેના શ્રદ્ધા અને જ્ઞાનમાં એકલો અકષાય ચૈતન્યરસનો કંદ વસ્યો છે તેને ચૈતન્ય સિવાય કોઈ વસ્તુ સારી લાગતી નથી, શુભભાવ પણ તેને સારો લાગતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ એને સારો લાગતો નથી. જેને બાહ્યની મીઠાશ છૂટી ગઈ છે અને અંતરમાં

આત્મામાં મીઠાશ લાગી છે તે તેને છોડી કોની મહિમા કરવા જાય ! અરે ! માખી જેવું પ્રાણી ફટકડીના સ્વાદને છોડીને સાકરનો સ્વાદ લેતી હોય અને પાંખ ચોંટી જાય તો પણ ત્યાંથી ખસે નહિ. તેમ આત્મા રૂચ્યો તેને બીજુ કાંઈ રૂચતું નથી. બીજુ કાંઈ કહેતાં શુભાશુભ ભાવ, સ્ત્રી, પુત્ર, પરિવાર, સ્વર્ગ કે ચક્રવર્તીની સંપદા આદિ કાંઈ સારું લાગતું નથી. આબરૂ, કીર્તિ, ખાવા-પીવામાં કે ક્યાંય પણ તેનું મન ચોટતું નથી.

અજ્ઞાનીનું મન વિષય સિવાય ક્યાંય ચોટતું નથી અને જ્ઞાનીનું મન આત્મા સિવાય ક્યાંય ચોટતું નથી. બાહ્યપદાર્થોની રૂચિવાળો આત્માને ગમે તેટલો ગોતે તોપણ આત્મા તેને હાથ આવતો નથી. પરપદાર્થના પ્રેમવાળાને સ્વનો પ્રેમ ન હોય. સ્વ અને પરને જુદા જાણીને જેણે વિવેક કર્યો છે તેને બાહ્ય કોઈ વિષયમાં રસ લાગતો નથી. વિષય એટલે પાંચ ઈન્દ્રિયના વિષયોનો ભોગ એટલું જ નહિ પણ બહારના લક્ષમાં વિકલ્પ આદિ થાય તે પણ વિષય છે, તેમાં જ્ઞાનીને રસ લાગતો નથી.

મિથ્યાત્વ, રાગાદિકને છોડવાથી નિજ શુદ્ધાત્મદ્રવ્યના યથાર્થ જ્ઞાન દ્વારા જેનું ચિત્ત પરિણત થઈ ગયું છે એવા જ્ઞાનીઓને શુદ્ધ-બુદ્ધ એક પરમ સ્વભાવ પરમાત્મા સિવાય બીજી કોઈ પણ વસ્તુ સુંદર ભાસતી નથી તેથી તેનું મન ક્યારેય વિષય-વાસનામાં રમતું નથી.

જુઓ, આમાં બે વાત લીધી છે. મિથ્યાત્વ એટલે વિપરીત શ્રદ્ધા અને રાગની એકતા એ બંને છૂટી જવાથી પોતાના શુદ્ધસ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં જેનું ચિત્ત પરિણત થયું છે એટલે કે પરણી ગયું છે—આખું અંતરમાં નમી ગયું છે. મીરાબાઈની જેમ પીયુની સાથે પ્રેમ લાગ્યો છે તેને બીજે ક્યાંય પ્રેમ લાગતો નથી. જેમ વૈરાગ્યનું નાટક જોતાં વૈરાગ્યની ધૂન ચડી જાય તેમ, આત્માનો અનુભવ કરતાં મન આત્માના રંગમાં રંગાઈ જાય છે.

આત્મા કેવો છે કે 'શુદ્ધ-બુદ્ધ એક પરમસ્વભાવ' છે. વસ્તુ 'શુદ્ધ' એટલે પવિત્ર છે, 'બુદ્ધ' એટલે એકલો જ્ઞાનનો પિંડલો છે અને 'પરમસ્વભાવ' એટલે ધ્રૂવ સ્વભાવ જે એકરૂપ છે તે જ એક સુંદર છે, તે સિવાય બીજુ કાંઈ સુંદર નથી. દુધપાકના સ્વાદ લીધા હોય તેને જુવારના રોટલામાં રસ ન આવે તેમ, આત્માના અનુભવ પાસે ઈન્દ્રના ઈન્દ્રાસન કે બીજી કોઈ ચીજ સુંદર ભાસતી નથી. સ્વપ્નેય પણ કોઈ વિકલ્પ સારો ભાસતો નથી. તેથી જ્ઞાનીનું મન કદી વિષમ-વાસનામાં રમતું નથી, વિષયો ગમતા નથી, મન ત્યાં ઠરતું નથી.

વિષયો છોડવાથી તેની રૂચિ છૂટી જતી નથી કેમ કે મહાન જ્ઞાનાનંદસ્વભાવ પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યા વગર વિષયોની રૂચિ છૂટતી નથી. જ્યાં હજી વિષયોની

રૂચિ જ છૂટી નથી તો આસક્તિ તો ક્યાંથી છૂટે ! અને આસક્તિ છૂટ્યાં વિના વ્યવહારે ત્યાગ કર્યો એમ પણ કેમ કહેવું !

વિષયો કેવા છે ?—શુદ્ધાત્માની પ્રાપ્તિના શત્રુ છે, ભવભ્રમણના કારણ છે. કામ-ભોગરૂપ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં મૂઢજીવોનું જ મન રમે છે, સમ્યગ્દષ્ટિનું મન રમતું નથી.

વિષયો શુદ્ધાત્માની પ્રાપ્તિના વેરી છે. વિષયોનો રાગ એને શુદ્ધઆત્માની પ્રાપ્તિ થવા દેતો નથી. વળી વિષયોનો રાગ એ ઉદયભાવ છે, તે ભવમાં ભ્રમણનું કારણ થાય છે. ભગવાન આત્મા તો મોક્ષનું કારણ છે, તેનો પ્રેમ વિષયોના પ્રેમીને કેમ થાય ! કામ-ભોગ આદિ વિષયોમાં અજ્ઞાની મૂઢજીવોનું મન જ રમે છે, સમ્યગ્દષ્ટિનું મન ત્યાં રમતું નથી.

આ વાત સાંભળીને રાજી થવાનું નથી પણ સમજીને રાજી થવાનું છે.

પરમાત્મપ્રકાશ છે ને ! પરમાત્માનો પ્રકાશ જ્યાં થયો ત્યાં રાગના અંધારાનો પ્રેમ ન હોય. કાલે કોઈ કહેતું હતું કે પરમાત્મપ્રકાશ બહુ સરસ છે. ભાઈ ! પરમાત્મપ્રકાશ, સમયસાર આદિ બધા શાસ્ત્રો સારાં છે. આત્મા સારો લાગ્યો તેને આત્માના બતાવનારા શાસ્ત્રો સારા લાગે.

કેવા છે સમ્યગ્દષ્ટિ ?—જેણે વીતરાગ સહજાનંદ એક અખંડ સુખમાં તન્મય પરમાત્મતત્વને જાણી લીધું છે. માટે, આ નક્કી થયું કે જે વિષય-વાસનાના અનુરાગી છે તે અજ્ઞાની છે અને જે જ્ઞાનીજન છે તે વિષય-વિકારથી સદા વિરક્ત જ છે.

આત્માનું સ્વરૂપ રાગરહિત, સહજ આનંદ એક સ્વરૂપ છે, આત્માના બે સ્વરૂપ નથી. આત્મા તો ગુણોથી તન્મય એકરૂપે છે તેથી અખંડ સુખમાં પણ તન્મય છે. એવા નિજ પરમતત્વને જેણે જાણી લીધું છે એવા ધર્મના ધારક ધર્મી—સમ્યગ્દષ્ટિએ એકને જાણ્યાં માટે સર્વને જાણી લીધા છે અને જેણે આ એક નિજ શુદ્ધાત્માને જાણ્યો નથી તેણે કાંઈ જાણ્યું નથી. તેની આવડત પણ બધી અણાવડત છે. એક આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું છે.

સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા પણ કેવી કરી છે ! દેવ-શાસ્ત્ર-ગુરુની અને નવતત્વની જેને શ્રદ્ધા છે તે સમ્યગ્દષ્ટિ છે એમ ન કહ્યું, જેણે અરાગી સ્વભાવિક એકરૂપ આનંદસ્વરૂપ આત્માને જાણ્યો છે તે સમ્યગ્દષ્ટિ છે. તેણે એક આત્માને જાણ્યો તેમાં બધાનું જ્ઞાન આવી જાય છે.

ગાથામાં સાર એ આવ્યો કે જે વિષયવાસનાના અનુરાગી છે તે અજ્ઞાની છે. જ્ઞાનીને રાગ આવે છે પણ અનુરાગ નથી. સ્વભાવના આનંદ સિવાય તેને કોઈ વસ્તુ

સારી લાગતી નથી. અજ્ઞાનીને તો વિષય-વાસનાનો અંદરમાં અનુરાગ છે—રાગનો રાગ છે. માત્ર આસક્તિ નથી, સાથે રૂચિ પણ છે જ્યારે જ્ઞાની વિષયોને ભોગવતા છતાં તેની રૂચિથી સદા વિરક્ત જ છે. વિષયની વાસના હોવા છતાં વિરક્ત છે, આહાર આદિ લેતાં હોવા છતાં તેનાથી જ્ઞાની વિરક્ત છે.

જ્ઞાની विषयगतोऽपि विरक्त—વિષયમાં જવા છતાં વિરક્ત છે, આરંભમાં જવા છતાં વિરક્ત છે. સમ્યગ્દૃષ્ટિજીવ ત્રણ કષાયના વિષયમાં વર્તતો છતાં અને બધા આરંભના ભાવમાં વર્તતો છતાં તેને કોઈ ચીજ સુંદર લાગતી નથી માટે તે અંતરથી વિરક્ત છે. આવી વિરક્તિ થયા વિના બીજી વિરતી આવતી નથી. દૃષ્ટિમાં વિષય-કષાયની વિરક્તિ વિના આગળ વધીને તેનો અભાવ કરનારી વિરતી ક્યાંથી આવે! આસક્તિથી વિરક્તિ ન આવે તેને સાચું જ્ઞાન જ ક્યાં છે! સમયસારમાં આવે છે કે જ્ઞાનનું ફળ વિરતી છે. જેટલું જ્ઞાન થાય તેટલાં કષાય ઘટવા જોઈએ પણ તે અંતરથી ઘટવા જોઈએ માત્ર બહારથી નહિ. અંદરમાં બિરાજમાન ચૈતન્યચોસલાંના ભાન વિના વિરતિ આવતી નથી.

ભગવાન આત્મા વિકલ્પ અને પરના લક્ષની રૂચિ છોડી, પરમાનંદસ્વરૂપના રસની રૂચિમાં આવે તેને બીજું કાંઈ સુંદર લાગતું નથી એ આ ગાથામાં કહેવાનું તાત્પર્ય છે. ૭૭ ગાથા થઈ. હવે ૭૮ ગાથામાં આ જ વાતને દ્રષ્ટાંત આપીને દઢ કરે છે.

अप्पा मिल्लिवि णाणमउ चिंति ण लग्गइ अण्णु ।
मरगउ जें परियाणियउ तहुं कच्चें कउ गण्णु ॥७८॥

અર્થ :—જેણે મરકતમણિને જાણી લીધું છે તેને કાંચના કટકાનું શું પ્રયોજન હોય! તેમ જ્ઞાનીઓના મનમાં જ્ઞાનમય આત્મા સિવાય કાંઈ સારું લાગતું નથી.

જેને મરકતમણિ મળ્યું તેને કાચના કટકાની શું કિંમત હોય! તેમ જેને અનાકુળ આનંદસાગર અનુભૂતિમાં આવી ગયો હોય તેને બીજું શું રૂચે! જ્ઞાનીને જે મળ્યું છે તેની કોઈ ઉપમા આપી શકાય તેમ નથી પણ આ તો જગતના લોકોને મરકતમણિની બહુ મહિમા છે તેથી તેનું દ્રષ્ટાંત આપીને સમજાવે છે.

લોગસ્સમાં ભગવાનને સાગર જેવા ગંભીર...સૂર્યથી પણ અધિક પ્રકાશવાળા વગેરે ઉપમા આપી છે પણ તે કાંઈ શબ્દપ્રમાણે લાગુ પડતી નથી. શું ભગવાન સૂર્ય જેવો પ્રકાશ આપે!! સામાયિક કરવાવાળાને શબ્દ પાછળના ભાવની કાંઈ ખબર ન હોય છતાં ગડિયાં ચલાવ્યો જાય—તે સાચી સામાયિક નથી.

અહીં મરકતમણિની ઉપમા આપીને સિદ્ધાંત સમજાવ્યો છે તે સમજવાનો પ્રયત્ન કરવો.

(ક્રમશઃ)

# * પુરુષાર્થ *

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા: ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

[ ગતાંકથી ચાલુ... ]

વસ્તુના અનાદિ–અનંત કાળના પર્યાયોમાંથી એકેય પર્યાયનો ક્રમ ફરે નહિ. અનાદિ–અનંત કાળના જેટલા સમયો છે તેટલા દરેક વસ્તુના પર્યાયો છે. પહેલા સમયનો પહેલો પર્યાય, બીજા સમયનો બીજો પર્યાય, ત્રીજા સમયનો ત્રીજો પર્યાય–એમ જેટલા સમયો છે તેટલા ક્રમબદ્ધ પર્યાયો છે. આમ જેણે સ્વીકાર્યું તેની દૃષ્ટિ એકેક પર્યાય ઉપરથી ખસીને અભેદ દ્રવ્ય ઉપર ગઈ અને તે પરથી ઉદાસ થઈ ગયો. જો કોઈ એમ કહે કે હું પરનો પર્યાય ફેરવી દઉં, તો તેણે વસ્તુના અનાદિ–અનંત કાળના પર્યાયોમાં ફેરફાર કરવાનું માન્યું એટલે કે વસ્તુસ્વરૂપને વિપરીતપણે માન્યું, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુ અને વસ્તુના ગુણો અનાદિ–અનંત છે તથા અનાદિ–અનંત કાળના જેટલા સમયો છે તેટલા તે તે સમયના પર્યાયો વસ્તુમાંથી ક્રમબદ્ધ પ્રગટે છે. જે સમયનો જે પર્યાય છે તે સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે. તે આડો–અવળો ન થાય તેમ જ પહેલાં–પછી પણ ન થાય. પર્યાયના ક્રમમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ખડું થઈ જાય છે. આ તો દૃષ્ટિના અજર પ્યાલા છે, તે પ્યાલા પચાવવા માટે શ્રદ્ધા–જ્ઞાનમાં અનંત પુરુષાર્થ જોઈએ. અનાદિ–અનંત અખંડ દ્રવ્યને પ્રતીતિમાં લે ત્યારે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે, કેમ કે ક્રમબદ્ધપર્યાયનું મૂળ તો દ્રવ્ય જ છે. જેણે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરી તે અનાદિ–અનંત પર્યાયોનો જ્ઞાયક અને ચૈતન્યના કેવળજ્ઞાનનો પ્રતીતિવંત થઈ ગયો. મારો પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ દ્રવ્ય તરફ ઢળતાં, સાધકપર્યાયમાં અધૂરાશ રહી છે તોપણ, હવે તેને દ્રવ્ય તરફ જ જોવાનું રહ્યું, અને તે દ્રવ્યના જોરે જ તેને પૂર્ણતા થઈ જવાની છે.

વસ્તુનું સત્ય સ્વરૂપ તો આમ જ છે. આ સમજ્યે જ છૂટકો છે ! વસ્તુનું સ્વાધીન પરિપૂર્ણ સ્વરૂપ ખ્યાલમાં લીધા વગર પર્યાયમાં શાંતિ આવશે ક્યાંથી ? સુખદશા જોઈતી હોય તો એ વસ્તુસ્વરૂપ જાણવું પડશે કે જેમાંથી સુખદશા પ્રગટે છે.

અહો ! મારો પર્યાય પણ ક્રમબદ્ધ જ થાય છે. આમ જેણે નક્કી કર્યું તેને

પોતામાં સમભાવ—જ્ઞાતાભાવ થઈ ગયો. તેને પર્યાય ફેરવવાની આકુળતા ન રહી, પણ જે જે પર્યાય થાય તેનો જ્ઞાતાપણે જાણનાર રહ્યો. જે જ્ઞાતાપણે જાણનાર રહ્યો તેને કેવળજ્ઞાન થતાં શી વાર ? જેને સમભાવી સ્વભાવ જ્ઞાન પ્રગટ્યું નથી એટલે કે પોતાના દ્રવ્યની ક્રમબદ્ધ અવસ્થાની પ્રતીતિ નથી તે જીવની રુચિ પરમાં જાય છે અને તેને ક્રમબદ્ધ વિષમભાવ—વિકારી પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાતાપણાનો વિરોધ કરીને જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાય વિષમભાવે (વિકારી) છે અને સ્વમાં દૃષ્ટિ કરીને જ્ઞાતાપણે રહેતાં જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાય સમભાવે છે અને તે વિશેષ શુદ્ધ થતો જાય છે.

આમાં તો બધું પોતાના પર્યાયમાં જ સમાય છે. પોતાનો ક્રમબદ્ધપર્યાય જો સ્વદૃષ્ટિ કરે તો શુદ્ધ થાય અને જો પરદૃષ્ટિ કરે તો અશુદ્ધ થાય. તેને પર સાથે સંબંધ નથી, પણ દૃષ્ટિ કઈ તરફ છે તે ઉપર ક્રમબદ્ધપર્યાયનો આધાર છે. કોઈ જીવ શુભભાવ કરવાથી પરવસ્તુ (દેવ—ગુરુ—શાસ્ત્ર કે મંદિર વગેરે) મેળવી શકે નહિ અને અશુભભાવ કરવાથી કોઈ પૈસા વગેરે પરવસ્તુ મેળવી શકે નહિ. કેમ કે જે પરવસ્તુ જે કાળે જે ક્ષેત્રે આવવાની છે તે જ વસ્તુ તે કાળે તે ક્ષેત્રે સ્વયં આવે છે, પણ આત્માના ભાવને કારણે તે આવતી નથી. બધી વસ્તુના પર્યાય તેના ક્રમબદ્ધ નિયમ પ્રમાણે જ થાય છે, તેમાં ફેર પડતો નથી. આ સમજણમાં વસ્તુની પ્રતીતિ અને કેવળજ્ઞાનમય સ્વભાવનું વીર્ય પ્રગટે છે. આ માનતાં અનંતા પરદ્રવ્યોના કર્તૃત્વને છેદીને એકલો જ્ઞાતા થઈ ગયો અને અભિપ્રાયમાં બધા પરદ્રવ્યો પ્રત્યેનો રાગ—દ્વેષ ટળી ગયો. આમાં તો અનંતકાળે કદી નહિ કરેલ એવો સમ્યગ્દર્શનનો અપૂર્વ પુરુષાર્થ છે.

જેમ આત્મામાં બધા પર્યાય ક્રમબદ્ધ જ થાય છે તેમ જડમાં પણ જડની બધી અવસ્થા ક્રમબદ્ધ જ થાય છે. કર્મની જે જે અવસ્થા થાય છે તેને આત્મા કરતો નથી, પણ તે પરમાણુનો ક્રમબદ્ધપર્યાય છે. કર્મના પરમાણુઓમાં ઉદય, ઉદીરણા, વગેરે જે દસ અવસ્થાઓ(—કરણો) થાય છે તે પરમાણુઓની ક્રમબદ્ધદશા છે. આત્માના શુભાશુભ પરિણામને કારણે કર્મના પરમાણુઓની દશા ફરી નથી, પણ તે પરમાણુઓમાં તે સમયે તે દશા જ થવાની લાયકાત હતી તેથી તે દશા થઈ છે. જીવના પુરુષાર્થને લીધે કાંઈ કર્મની ક્રમબદ્ધ અવસ્થામાં ભંગ પડી જતો નથી. જીવે પોતાની દશામાં પુરુષાર્થ કર્યો અને તે વખતે કર્મના પરમાણુઓની ક્રમબદ્ધદશા ઉપશમ, ઉદીરણાદિરૂપે સ્વયં થાય છે. પરમાણુમાં તેની અવસ્થા તેની લાયકાતથી તેના કારણે થાય છે, પણ આત્મા તેનું કાંઈ કરતો નથી.

શ્રોતા :—જો કર્મ પરમાણુનો ક્રમબદ્ધ પર્યાય જ છે તો પછી જૈનમાં કર્મસિદ્ધાંતથી ભરેલાં થોકબંધ શાસ્ત્રો છે તેનું શું સમજવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ ! એ બધા શાસ્ત્રો આત્માને જ બતાવનારા છે. કર્મનું જેટલું પરિણમન છે તેને આત્માના પરિણામ સાથે માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. આત્માના પરિણામો કેવા કેવા પ્રકારના થાય છે તે સમજાવવા માટે કર્મમાં ભેદ પાડીને ઉપચારથી સમજાવ્યું છે. નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે કર્મનું વર્ણન છે, પણ જડકર્મ સાથે આત્માને કર્તાકર્મ સંબંધ જરાપણ નથી.

શ્રોતા :—બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ, સત્તા, નિદ્ધત્ત અને નિકાચિત–એવા દસ પ્રકારના કરણ [–કર્મની અવસ્થાના પ્રકાર] કેમ કહ્યાં છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અહો ! એમાં પણ ખરેખર તો ચૈતન્યની જ ઓળખાણ કરાવવી છે. કર્મના જે દસ પ્રકાર પાડ્યા છે તે આત્માના પરિણામોના પ્રકાર બતાવવા માટે જ છે. આત્માનો પુરુષાર્થ તેવા દસ પ્રકારે થઈ શકે છે તે બતાવવા માટે કર્મના પ્રકાર પાડી સમજાવ્યું છે. આત્માના પુરુષાર્થ વખતે કર્મના પરમાણુઓ તેની લાયકાત પ્રમાણે સ્વયં પરિણમે છે. આમાં તો બંનેના નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે, પરંતુ આત્મા કર્મોનું કંઈ કરે છે એમ વાત કરી નથી.

એક કર્મ–પરમાણુ પણ દ્રવ્ય છે. તેમાં ભવિષ્યના જે અનંત પર્યાય થવાના છે તે સમયે સમયે ક્રમબદ્ધ જ થાય છે.

શ્રોતા :—કર્મની ઉદીરણા થાય એમ કહ્યું છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઉદીરણાનો અર્થ એવો નથી કે પછી થવાની અવસ્થાને ઉદીરણા કરીને વહેલી લાવ્યા. કર્મની ક્રમબદ્ધ અવસ્થા જ તે પ્રકારની થવાની હતી. જીવે પોતામાં પુરુષાર્થ કર્યો છે તે બતાવવા માટે ઉપચારથી 'કર્મમાં ઉદીરણા થઈ' એમ કહ્યું છે. ખરેખર, કર્મની અવસ્થાનો ક્રમ ફરી ગયો નથી, પરંતુ જીવે પોતાના પર્યાયમાં તે પ્રકારનો પુરુષાર્થ કર્યો છે તેનું જ્ઞાન કરાવવા માટે જ 'ઉદીરણા' કહેવામાં આવી છે.

વળી, 'જીવ ઘણો પુરુષાર્થ કરે તો ઘણાં કર્મો ખરે' એમ કહેવામાં આવે છે ત્યાં પણ ખરેખર જીવે કર્મ ખેરવવાનો પુરુષાર્થ કર્યો નથી, પણ પોતાના સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે. જીવના વિશેષ પુરુષાર્થનું જ્ઞાન કરાવવા માટે આરોપથી એમ

બોલાય છે કે ઘણા કાળના કર્મ પરમાણુઓ અલ્પ કાળમાં ખેરવી નાખ્યા. આ આરોપિત કથનમાં સાચું વસ્તુસ્વરૂપ તો એમ છે કે, જીવે સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે અને તે વખતે જે કર્મોની અવસ્થા સ્વયં ખરવારૂપ હતી તે કર્મો ખરી ગયા છે. પરંતુ પરમાણુની અવસ્થાના ક્રમમાં ભંગ પડ્યો નથી. ઘણા કાળના કર્મો ક્ષણમાં ટાળી નાખ્યા તેનો અર્થ એટલો જ સમજવો કે જીવે ઘણો પુરુષાર્થ પોતાના પર્યાયમાં કર્યો છે.

છયે દ્રવ્યો પરિણમનસ્વભાવી છે અને તેઓ પોતાની મેળે ક્રમબદ્ધ પર્યાયપણે પરિણમે છે. છયે દ્રવ્યો પરની સહાય વગર સ્વયં પરિણમે છે. આ શ્રદ્ધા કરવામાં જ અનંત પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરનો જીવનો એકેય પર્યાય થતો નથી, માત્ર પુરુષાર્થનું વલણ સ્વ તરફ કરવાને બદલે પર તરફ કરે છે તે જ અજ્ઞાન છે. જો સ્વભાવની રુચિ કરે તો સ્વભાવ તરફના પુરુષાર્થ વડે પર્યાયનું પરિણમન સ્વભાવ તરફ વળે, એટલે પર્યાય ક્રમેક્રમે શુદ્ધ જ થાય.

આ વાતની સમજણમાં આત્માના મોક્ષનો ઉપાય રહેલો છે. માટે આ વાત બરાબર છંછેડીને સમજવી, જરા પણ ઢાંકવી નહિ. તેને નિર્ણયપૂર્વક ખુલ્લી કરીને જાણવી જોઈએ. પરમ સત્‌ને ઢંકાય નહિ, પણ ઊહાપોહ કરીને બરાબર છંછેડી–છંછેડીને નક્કી કરવું જોઈએ. સત્યમાં કોઈની શરમ હોય નહિ. આ તો વસ્તુસ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પોતાના સમ્યગ્જ્ઞાનથી એમ જાણે છે કે સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાનમાં જાણ્યું છે તે પ્રમાણે દરેક વસ્તુ ક્રમબદ્ધ પરિણમે છે. મારો કેવળજ્ઞાન પર્યાય પણ મારા સ્વદ્રવ્યમાંથી ક્રમબદ્ધ જ પ્રગટવાનો છે. આવી સમ્યક્‌ભાવનાથી તેનું જ્ઞાન લંબાઈને સ્વભાવમાં એકાગ્ર થાય છે અને જ્ઞાતાશક્તિ પર્યાયે પર્યાયે નિર્મળ થતી જાય છે તથા વિકાર પર્યાય ક્રમે ક્રમે ટળતો જાય છે. કોણ કહે છે કે આમાં પુરુષાર્થ નથી ? આવા સ્વભાવમાં જે નિઃશંક છે તે સમ્યગ્દૃષ્ટિ છે અને તેમાં કંઈ પણ સંદેહ કરે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને સર્વજ્ઞના જ્ઞાનની અને પોતાના જ્ઞાતાસ્વભાવની શ્રદ્ધા નથી.

અહા ! આ સમ્યગ્દૃષ્ટિ જીવની ભાવના તો જુઓ ! સ્વભાવથી શરૂ કર્યું છે અને સ્વભાવમાં જ લાવીને પુરું કરે છે. જે ઠેકાણેથી શરૂ કર્યું છે ત્યાં ને ત્યાં લાવી મૂક્યું છે. સ્વાશ્રયે આત્મામાં સાધક દશા શરૂ કરી છે અને સ્વાશ્રયે આત્મામાં જ પૂર્ણતા પણ કરે છે. કેવળજ્ઞાન સંપૂર્ણપણે સ્વમાં જ સમાય છે. સાધક ધર્માત્મા પોતામાં જ સમાવા માગે છે. બહારથી ક્યાંયથી શરૂ કર્યું નથી અને બહારમાં ક્યાંય અટકવાનું નથી. આત્માનો માર્ગ આત્મામાંથી નીકળીને આત્મામાં જ સમાય છે. *(ક્રમશઃ)*

* * *

[તા. ૧૦-૭-૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી 'કળશ-ટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**રક્ષાબંધન** :— શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૯-૮-૨૦૦૪ રવિવારના દિવસે પૂજાભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## પંડિતરત્નનો ઉપકારસ્મૃતિ દિન

પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન, પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી પંડિતપ્રવર શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહનો બીજો વાર્ષિક ઉપકાર-સ્મૃતિ દિન તા. ૭-૯-૨૦૦૪, મંગળવારના દિવસે છે. શ્રી સમયસાર આદિ પંચ પરમાગમોના ગુજરાતી ગદ્ય-પદ્યાનુવાદરૂપ તેઓના અનુપમ ઉપકારોની પુણ્યસ્મૃતિમાં આ દિવસે જિનેન્દ્રપૂજા આદિ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## જ્ઞાનવૈભવ પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ

'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૩-૯-૨૦૦૪, સોમવારના દિવસે છે આ દિવસે આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ સરસ્વતીપુત્ર, સમયસાર આદિ પંચપરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૯૭મો

જન્મ દિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, જિનેન્દ્રપૂજા-સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

*　*　*

## બોટાદમાં કહાનગુરુપ્રતિકૃતિ-સંસ્થાપનસમારોહ

બોટાદમાં, શ્રી દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠાની સુવર્ણજયંતી (અર્ધશતાબ્દી વર્ષ)ના મંગલ મહોત્સવ અંતર્ગત, જિનમંદિરના પરિસરમાં નવનિર્મિત 'શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સ્વાધ્યાયભવન'માં પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની શ્વેત સંગેમરમર-નિર્મિત ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ), શ્રી સમયસાર આદિ પંચપરમાગમ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત, પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત, બહેનશ્રીની સાધના અને વાણી, બહેનશ્રીનો જ્ઞાનવૈભવ તથા અનેક ભવ્ય ચિત્રપટોની સંસ્થાપનાવિધિનું શુભ આયોજન વિ.સં. ૨૦૬૦, બીજા શ્રાવણ વદની ત્રીજ, તા. ૧-૯-૨૦૦૪, બુધવારે સવારે રાખેલ છે. આ શુભ અવસરે સમસ્ત મુમુક્ષુઓને બોટાદ પધારવા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, બોટાદનું ભાવભીનું આગ્રહપૂર્ણ આમંત્રણ છે.

*　*　*

## અધ્યાત્મવિદ્યાકેન્દ્ર સોનગઢ (સુવર્ણપુરી)માં
## જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાસ્થળી શ્રી સુવર્ણપુરીમાં, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૧મી જન્મજયંતીના અવસર પર, તા. ૨૫-૮-૨૦૦૪, બુધવારથી તા. ૧૩-૯-૨૦૦૪, સોમવાર—વીસ દિવસના, જૈન અધ્યાત્મવિદ્યાના 'જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગ' રાખેલ છે. શિક્ષણેચ્છુક (પુરુષ) મહાનુભાવોને સાદર નિમંત્રણ છે.

સૂચના :—સમાગત શિક્ષણેચ્છુકો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે. શ્રી પ્રવચનસાર, મોક્ષમાર્ગપ્રકાશક જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા—આ પાઠ્યપુસ્તક--પોતાની પાસે હોય તો અવશ્ય સાથે લાવવા.

*　*　*

## વૈરાગ્ય સમાચાર :–

જબલપુરનિવાસી શ્રી સુમેરચંદજી જૈન તા. ૨૯-૪-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-ચૈન્નાઈ) સ્વ. શ્રી શાંતિલાલ છગનલાલ શાહના ધર્મપત્ની શ્રી શારદાબેન તા. ૩૦-૫-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પાટન (જબલપુર) નિવાસી શ્રી મહેન્દ્ર નાયક એડવોકેટ તા. ૪-૬-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી (હાલ અંધેરી-વર્સોવા) શ્રી વિનયકુમાર વનમાળીદાસ હેમાણી (વર્ષ-૭૯) તા. ૮-૬-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

---

❀ જો કોઈ જીવ અપશબ્દનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો નાશ તો નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે. –શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૫

❀ મુનિરાજ પુનઃ ઐસી ભાવના કરતે હૈં કિ જો કોઈ અપને પુણ્યકા ક્ષય કરકે મેરે દોષકો કહતા હૈ ઉસસે યદિ મૈં રોષ કરું તો ઇસ જગતમેં મેરે સમાન નીચ વા પાપી કૌન હૈં ? —શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૯, શ્લોક-૧૫

❀ પ્રશ્ન :—અવધીરણા (નિંદા, અવહેલના-અવજ્ઞા, ઉપેક્ષા) ક્યાં કરવી ?

ઉત્તર :—દુષ્ટ પુરુષ, પરસ્ત્રી અને પરધનની સદાય ઉપેક્ષા કરવી જોઈએ—તેમનાથી સદાય દૂર રહેવું જોઈએ. (દુષ્ટ પુરુષ, પરસ્ત્રી અને પારકા ધનના પરિચયની સદા અવહેલના કરવી જોઈએ.) —શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૧૮

## Mr. Bharat Shah's lecture tour on Jainism in USA
## Schedule-2004

| S.No. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1. | Wed-Sun | Aug 4-8 | Lansdale, PA (Airport Philadelphia) | Pravin Shah 215-362-5598 |
| 2. | Mon–Thu | Aug 9-12 | Kingston, PA (Road Journey from Lansdale) | Jyotsana V. Shah 570-287-7457 |
| 3. | Fri-Sun | Aug 13-15 | New York, NY (Road Journey from Kingston) | |
| 4. | Mon–Sun | Aug 16-22 | Grand Rapids (Airport Detroit) | Sudhir Modi 616-949-4600 |
| 5. | Mon–Tue | Aug 23–31 | Chicago (Airport O'Hare | Pradip Shah 630-924-0888 |
| 6. | Wed-Tue | Sept 1-7 | Atlanta, GA | Dr. Kirit Shah 678-957-9030 |
| 7. | Wed-Sat | Sept 8-18 | Ft Lauderdale, Florida | Dinesh Dagly 954-474-5687 |
| 8. | Sun-Tue | Sept 19-28 | Los Angles, CA (Das Laxan parva) | Anil Shah 909-623-8864 |
| 9. | Wed-Sun | Sept 30- Oct 3 | Tampa, Florida | Dr. Siddharth H. Shah 727-934-6141 |
| 10. | Monday | Oct 4 | Leaving for Bombay | |

Coordinator :

**Hasmukh M. Shah**

304 Tall Oak Trail,
Tarpon Springs, Florida 34688. USA. Phone : 727–934–3255 / 6141
Email. kahanguru@hotmail.com.

શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા

અધ્યાત્મ-અતિશયતીર્થ સોનગઢમાં સાનંદોલ્લાસ સંપન્ન થવાવાળા

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો

# મંગલ જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની—કે જેમનાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમાભીનાં તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક ઉપકારકિરણો આપણા સાધનાપથને સદાય આલોકિત કરે છે તેઓની—આપણી ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે, ૯૧મી વાર્ષિક જન્મજંયતી (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં, શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી અત્યંત ભક્તિભાવ સહિત ઊજવવામાં આવશે. આ વાર્ષિક મંગલ જન્મોત્સવનું આયોજન તા. ૨૭-૮-૨૦૦૪, શુક્રવારથી તા. ૩૧-૮-૨૦૦૪, મંગળવાર—પાંચ દિવસ સુધી શ્રી ચોસઠઋદ્ધિમંડળ-વિધાનપૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમસહિત અત્યંત ભક્તિ્યુલ્લાસથી ઊજવવામાં આવશે. આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, તા. ૨૫-૮-૨૦૦૪ થી તા. ૧૩-૯-૨૦૦૪—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ, સાંસ્કૃતિક-કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિગંબર જૈન ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સર્વેને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

(નોંધ : નિમંત્રણપત્રિકા લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૮-૦૪ ને રવિવારે રાખવામાં આવી છે.)

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો નિર્ણય સર્વજ્ઞસ્વભાવને સામે રાખીને જ થઈ શકે છે. પર્યાયમાં તો સર્વજ્ઞતા છે નહિ અને બીજા સર્વજ્ઞ તો પર છે. તેથી તેને સામે રાખીને નિર્ણય થઈ શકે નહિ પણ પોતાના સર્વજ્ઞસ્વભાવને સામે રાખીને અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો નિર્ણય થાય છે. ૩૧૪.

❀ સ્વચ્છત્વ શક્તિના લઈને જ્ઞાનમાં રૌદ્રધ્યાનના પરિણામ જણાયા ત્યાં સ્વચ્છત્વ શક્તિમાં કાંઈ અશુદ્ધતા આવી જતી નથી. અરીસામાં અગ્નિ જણાવાથી અરીસામાં ઉષ્ણતા આવી જતી નથી. અશુદ્ધતા જણાતાં જ્ઞાન પણ અશુદ્ધ થઈ જતું નથી, તે જ્ઞાનને જે છોડવા માગે તે સ્વચ્છત્વ શક્તિને સમજ્યો નથી. ૩૧૫.

❀ પરલક્ષી વૃત્તિઓ જે ઉત્પન્ન થાય છે તે જીવને લૂંટીને ઉત્પન્ન થાય છે. શુભાશુભ પરિણતિ એ ચૂડેલ છે, એને અડીશ નહિ. ૩૧૬.

❀ ભગવાન તીર્થંકર કહે છે કે મને તો તું ભૂલી જા, મારા પ્રત્યેના રાગને તો તું ભૂલી જા, પણ તારામાં જે ગુણભેદ પડે છે તેને પણ તું ભૂલી જા. અભેદ વસ્તુના અનુભવમાં જા. ભેદદૃષ્ટિમાં તો આકુળતાનો સ્વાદ આવશે. તારા ગુણભેદને લક્ષમાં રાખીશ ત્યાં સુધી આકુળતાનો અનુભવ થશે. આનંદનો અનુભવ નહીં થાય. ૩૧૭.

❀ ચાર શરણમાં આત્મા જ શરણરૂપ છે. ચિદ્‌ચૈતન્યચંદ્રમા સત્ સ્વરૂપ છે, શાશ્વત છે, ઈ રચે કોને? જ્ઞાનની સૃષ્ટિને ઈ કરે છે અને રચે છે. ઈ જ્ઞાનની સૃષ્ટિને રચતાં રચતાં કેવળજ્ઞાન થઈ જાય છે. ૩૧૮.

❀ શાસ્ત્ર સાંભળવામાં, વાંચવામાં પણ એણે લક્ષ એમ કાઢવાનું છે કે આનાથી આત્મામાં નહીં જવાય. એમ એણે નિર્ણય કરવાનો છે. શુભ આવે ખરો, હોય ખરો, પણ એનું લક્ષ શુભ ઉપર હોતું નથી, શુદ્ધ દ્રવ્ય ઉપર એનું લક્ષ હોય છે. સાંભળવાનો હેતુ પણ સાંભળવાનું લક્ષ છોડવા માટે સાંભળે છે. ૩૧૯.

❀ જ્ઞેયનો સ્વભાવ જ્ઞાનને લલચાવવાનો નથી. જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયમાં લલચાવાનો નથી. છતાં અદ્ધરથી લલચાય જવાનો ભાવ ઊભો કરે છે તે અજ્ઞાન છે. જ્ઞાનનું જ્ઞેય છે તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, તેને બદલે ઠીક-અઠીકની માન્યતા ઊભી કરે છે, તેણે જ્ઞેયને જ્ઞેયપણે માન્યું નથી. ૩૨૦.

## ❀ મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ ❀

દુર્જન મનુષ્ય જો મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, ધનનો અભિલાષી મનુષ્ય જો મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, શત્રુ મારું જીવન ગ્રહણ કરીને જો સુખી થતો હોય તો થાવ, બીજા કોઈ મારું સ્થાન લઈને જો સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગદ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૮૫)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662